# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨

સૂર્યાસ્ત : ૦૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦,૭.૩૦,૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦

એજન્ટ વિનોદ : ૫.૩૦

બ્લડ મની : ૮.૩૦

**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦

બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫

એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦

વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦

કહાની : ૨.૩૦

**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦

કહાની : ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### સામાજિક

- યુનાઈટેડ ફિઝીયોથેરાપી કલીનીક દ્વારા વિના મૂલ્યે સારવાર કેમ્પનું આયોજન પ્લોટ નં. ૭૮૭/૭, સેકટર-૭/બી ખાતે સવારે ૯ થી ૧ કલાક સુધી. તેમજ ૨૯૧/બી/૬, સ્કાય વ્યૂ, કોમ્પલેક્ષ, સેકટર-૨૨ ખાતે સાંજે ૪ થી ૭ કલાક સુધી સારવાર કરવામાં આવશે.

### ધાર્મિક

- સેકટર- ૬/એમાં આવેલ અંબાજી માતાના મંદિરના ચોકમાં શરૂ થનાર રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં આજે શિવકથા.
- સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા સિંધીધામ સેકટર-૩૦ ખાતે સવારે ૮.૦૦ કલાકે પ્રાતઃ પૂજન અને બપોરે ૧૨.૩૯ કલાકે ઝુલેશ્વર હનુમાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.
- હનુમાન જ્યંતિ નિમિત્તે રાત્રે ૭.૩૦ કલાકે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન જલારામ સેવા સમાજ સંચાલિત જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે રાખવામાં આવેલ છે.
- સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા બ્રહ્મ ભવન, સેકટર-૧૬ ખાતે હનુમાન જ્યંતિ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.
- હનુમાન જ્યંતિ નિમિત્તે શ્રી સિધ્ધનાથ મહાદેવ, વાવોલ ખાતે સવારે ૯.૦૦ કલાકે યજ્ઞ અને રાત્રે ૯ કલાકે અખંડ સંગીતમય હનુમાન ચાલીસાના પાઠ
- શ્રી રંગઅવધૂત પરિવાર અને શ્રી રુદ્રિ મંડળના સહયોગથી સેકટર-૨૮માં આવેલ દત્ત મંદિર ખાતે ૧૦૦૮ હનુમાન ચાલીસા પાઠથી તેલનો અભિષેક કરવામાં આવશે.

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ** : નોકરી- વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. વાહન ચલાવવામાં કાળજી લેવી. એકંદરે સમય સાનુકૂળ.

**વૃષભ** : ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ પ્રાપ્તિમાં સહાયક બની શકે શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વિદેશ પ્રવાસની શકયતા.

**મિથુન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે.

**કર્ક** : સ્થાવર મિલકતના પ્રશ્નો હલ થતાં જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ મળી રહે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : દિવસ આનંદમય રીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**કન્યા** : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**તુલા** : અભ્યાસ- સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. નાણાંકીય સ્થિતિમાં સુધારો થઈ શકે છે. લેવડ -દેવડમાં કાળજી રાખવી.

**વૃશ્ચિક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થતો જણાય. આરોગ્યમાં સુખાકારી જળવાઈ રહે. સમય સાનુકૂળ.

**ધન** : ભાગ્યોદયની તક મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં કાળજી રાખવી. કૌટુંબિક વિખવાદોમાં સંઘર્ષ ટાળવો.

**કુંભ** : સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. આરોગ્યની કાળજી રાખવી. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની શકે છે.

**મીન** : વેપાર -નોકરી અર્થે થયેલ પ્રવાસ લાભદાયી બની શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ ધૂળાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૫૨) માધવન એપાર્ટમેન્ટ, મુ. વાવોલ, તા.જિ., ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ નથ્થુભાઈ પરમાર (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૭૨૦/૨, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. અરવિંદસિંહ છત્રસિંહ ગોહિલ (ઉ.વ. ૫૦) દરબાર વાસ, મુ. ઈન્દ્રોડા, તા.જિ., ગાંધીનગર
- સ્વ. બળદેવજી જવાનજી ઠાકોર (ઉ.વ. ૪૬) ફતેહપુરા, સે. ૧૫, ગાંધીનગર

# ...ને પીઠી ચોળેલી ગીતા ઘરેથી એક્ટિવા લઈ ચાલી નીકળી

ગાંધીનગર, તા. ૫

ઘરમાં શરણાઈના સૂર રેલાઈ રહ્યા છે, ઢોલ ધ્રબૂકી રહ્યા છે, બારણે આસોપાલવનાં તોરણ નીચે વૃધ્ધાવસ્થાના ઉંબરે આવેલું એક દંપતિ મહેમાનોને પોંખી રહ્યું છે. આવતીકાલે તેમની એકની એક અને અત્યંત તેજસ્વી ડૉકટરેટ દીકરીના લગ્ન છે. દીકરી ગીતાના પિતા રજનીભાઈનો હર્ષ તો સમાતો નથી... જે દીકરીને તેના આયુષ્યના અઢી દાયકા સુધી સાચવી, ભણાવી-ગણાવીને મોટી કરી તેવી રૂપ રૂપનાં અંબાર સમી એકની એક દીકરીના સાસરે જવાના સમયે પિતા સૌથી વધુ ખુશ હોય છે અને તે જ સમયે સૌથી વધુ દુઃખી... રજનીભાઈ પણ આવી જ મિશ્ર લાગણી અનુભવી રહ્યા છે. આટલું વાંચ્યા પછી એવું ન વિચારતા કે આ કોઈ વાર્તા છે કે કોઈ કાલ્પનિક વાત. નવા સેકટરોના અતિ પૉશ સેકટરમાં રહેતા એક ઉચ્ચ વર્ણના કુટુંબની વાત છે. વાત ભલે થોડાક દિવસો જૂની હોય પણ એવી દમદાર છે કે, ફિલ્મની સ્ટોરીને પણ ટક્કર મારે. ગાંધીનગરમાં આવુ બની શકે છે તે વિચારી વિચારીને જ મગજ ચક્કર ખાઈ જાય. અને જેમને સંતાનમાં દીકરીઓ જ છે તે તો આ વાત જાણીને જાતભાતનાં વિચારો કરતા થઈ જાય.

**લગ્નની પૂર્વસંધ્યાએ જ થયો ધરતીકંપ માતાપિતાની એકની એક દીકરી લગ્ન ટાણે જ ઘરમાંથી ચાલી નીકળી..!**

ગીતા રજનીભાઈ અને ઉષાબાની એકની એક દીકરી તો ખરી જ પણ ખુબ જ ડાહી, ભણવામાં હોંશિયાર, અને અનુસ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ ડૉકટરેટની પદવી મેળવે છે. પિતા રજનીભાઈને તો અત્યંત વ્હાલી. તે ઘરમાં પગ મુકે તે સાથે જ ઘર જીવંત બની જાય. આવી હોનહાર દીકરી માટે માતાપિતાએ ઉત્તર ગુજરાતના એક વેપારી મથકના શ્રીમંત કુટુંબનો છોકરો શોધ્યો. લગ્ન લેવાયા. જે દિવસે લગ્ન હતા તેની પૂર્વસંધ્યાના દિવસે જ એવી ઘટના બની કે ખળભળાટ મચી ગયો. કોઈ ફિલ્મી સ્ટોરીની જેમ જ આગલા દિવસે સાંજે ઘર મહેમાનોથી છલકાતું હતું અને તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે ગીતા એક્ટિવા લઈ ઘરેથી ચાલી નીકળી. કલાક બે કલાક થતા ઉચાટ વધ્યો. માતા-પિતા માટે તો ન કહેવાય, ન સહેવાય જેવી સ્થિતિ. મહેંદી મુકાવવા ગઈ છે, હમણાં આવી જશે... તેવા જાતભાતનાં બહાના તેમણે કાઢ્યા અને ખાનગીમાં ગીતાને શોધવાનું શરૂ કર્યું. રાત પડી ગઈ મહેમાનો સૂઈ જવાની તૈયારી કરવા લાગ્યા પણ ગીતા પાછી ન આવી. આવતીકાલે લગ્ન છે, શું થશે તે વિચારથી જ પિતા રજનીભાઈ રડસમ થઈ ગયા. અચાનક રાત્રે એક વાગે ગીતાએ પાડોશી દંપતિને ફોન કરી પોતે સેકટર-૨૯ માં કોઈ સ્થળે ઊભી હોવાની માહિતી આપી. આ પાડોશી દંપતી તુરંત જ તેને લેવા પહોંચી ગયું. ગીતાને ઘરે લાવવામાં આવી અને પૂછપરછ કરી ત્યારે તેણે ઘટસ્ફોટ કર્યો કે, તે માતાપિતાએ પસંદ કરેલા છોકરા સાથે લગ્ન કરવા માંગતી નથી કારણ કે, તે અન્ય એક યુવકને પ્રેમ કરે છે. પાડોશી દંપતિએ તેને ખૂબ સમજાવી કારણ કે તે જે છોકરાને પ્રેમ કરે છે તે તો માત્ર ૮ પાસ જ હતો, અને હોટલમાં વેઈટર તરીકે નોકરી કરે છે. દીકરીની આવી પસંદ સાંભળીને તો પિતાના હૃદયના પાટિયા જ બેસી ગયા. ધાક, ધમકી, પ્રેમ, સમજાવટને અંતે આખરે ગીતા લગ્ન કરવા સંમત થઈ. અચાનક રાત્રે તેને ખબર નહીં શું શૂરાતન ચઢ્યું કે તે ઘરના ધાબે ટાંકી પર ચઢી ગઈ. નજીકમાં જ બીજા બ્લોકમાં રહેતો તેનો પ્રેમી પણ ટાંકી પર ચઢી ગયો. ડૉકટરેટ થયેલી ગીતા પ્રેમમાં અંધ થઈ ગઈ અને ટાંકી પરથી કૂદીને આત્મહત્યા કરવાની ધમકી માતા-પિતાને આપવા માંડી. પિતા રજનીભાઈએ તેને જાતભાતનાં સોગંદ અપાવડાવ્યા, પિતાની લાજ રાખવાની દુહાઈ આપી ત્યારે માંડ કરીને તે નીચે આવી અને બીજા દિવસે લગ્નના માંડવે બેઠી.

સાંસરે ગઈ પછી માતાપિતાને હાશ થઈ. પરંતુ તેમની આ નિરાંત વધુ દિવસ ન ટકી. ગીતાએ ખબર નહીં શું વિચારી રાખ્યુ હશે કે તેણે તેના પતિને સમર્પિત થવાનો ઈન્કાર કરી દીધો. તેનો પતિ ખાનદાન પરિવારનો દીકરો હતો. ગમે તેમ કરીને તેણે અઠવાડિયું ખેંચી નાંખ્યું. આ તરફ ગીતા બહાનુ કરીને પિયર આવી ગઈ અને પોતાના પ્રેમી સાથે કોર્ટમાં જઈ છૂટાછેડાના બધા જ કાગળો જડબેસલાક બનાવડાવી દીધા. બે-ત્રણ દિવસ પછી ગીતા પતિને ગમે તેમ કરી પોતાની સાથે ગાંધીનગર ખેંચી લાવી અને એક સૂમસામ સ્થળે લઈ ગઈ. અહીં અગાઉથી જ તૈયાર બેઠેલા પ્રેમીએ ગીતાના પતિને ચાકુ બતાવી ધાકધમકી આપી છૂટાછેડાના કાગળો પર સહી કરાવી લીધી અને તેને એક કૉપી આપી દીધી. આ તરફ ઘરે પરત ફરેલા ગીતાના પતિએ તે કાગળો કબાટમાં સંતાડી દીધા. સાંજે ગીતા પણ પતિગૃહે આવી ગઈ. બે-ત્રણ દિવસ તો બધુ બરાબર ચાલ્યું પણ એક દિવસ છૂટાછેડાવાળા કાગળો ગીતાની સાસુના હાથ આવી ગયા અને ધરતીકંપ થયો. અહીં ગાંધીનગરથી રજનીભાઈ અને ઉષાબા ગીતાના સાસરે પહોંચ્યા. ખુબ સમજાવી, મારી ફટકારી પરંતુ તેને સાસરે રહેવાનો ઈન્કાર કરી દીધો અને પરત ગાંધીનગર આવી ગઈ.

આ ઘટના આપણા સૌને તે વિચારતાં જરૂર કરી દે છે. આજનો સમાજ અને માતાપિતા એટલા તો બ્રોડ માઈન્ડેડ થઈ જ ગયા છે કે દીકરીની પસંદગીને પ્રાધાન્ય આપે. શરત માત્ર એટલી જ કે સામેનું પાત્ર દીકરી માટે બધા જ પ્રકારે લાયક હોય અને તે તેને સુખી કરી શકે. દીકરીને જાણી જોઈને કોર્ટ માતાપિતા કૂવામાં નાંખવા તો તૈયાર જ ન થાય ને. આજની ભણેલી ગણેલી દીકરીઓએ પણ એ સમજવું જોઈએ કે જયારે માતાપિતા તેની પસંદ સામે નારાજગી દર્શાવે છે તેની પાછળ કોઈ ઠોસ કારણ તો હશે જ ને...! નહીં તો દીકરીની નાની નાની જીદ પૂરી કરતાં અને તેની દરેક માંગણી સંતોષતા માતાપિતા દીકરીની સુપાત્રની પસંદગીને માથે જ ચઢાવે ને... માત્ર પ્રારંભિક લાગણીમાં ખેંચાઈને ગીતા જેવું પગલું કોઈ ન ભરે કે જેનાથી તેના માતાપિતાને સમાજમાં નીચાજોણું થાય. દીકરીઓ આવુ તો નહીં જ ઈચ્છે ને...!

(સત્ય ઘટનાના મૂળ નામ બદલ્યાં છે)

# ગાંધીનગરમાં વિશ્વ આરોગ્ય દિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૫

વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના તા. ૭મી એપ્રિલ, ૧૯૪૮ના રોજ થઈ હતી. આ વાતને સાંકળીને દર વર્ષે તા. ૭ એપ્રિલના રોજ વિશ્વભરમાં વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરવામાં આવે છે.

આરોગ્ય અંગેના નવા અને ઉભરતા મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને, વિશ્વ આરોગ્ય દિન લોકોના આરોગ્ય અને સુખાકારીના રક્ષણ માટે સહિયારી કામગીરી શરૂ કરવાની તક પૂરી પાડે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય દિનનો વિષય છે - ''વધતી ઉંમર અને આરોગ્ય'' આ વિષયને આવરી લઈ સમગ્ર વિશ્વમાં આ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કરાશે.

રાજ્યના આરોગ્ય વિભાગે આ વિષયના અનુસંધાને ''સારું આરોગ્ય ઉંમરને જીવન બક્ષે છે'' એ સુત્ર સાથે વિશ્વ આરોગ્ય દિન અભિયાન અંતર્ગત પ્રવૃત્તિઓ હાથ ધરશે. આ ઉજવણી અંતર્ગત તા. ૭ એપ્રિલને શનિવારને બપોરે એક વાગ્યે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે રાજયના આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસના અધ્યક્ષસ્થાને એક કાર્યક્રમ યોજાશે અને વિશ્વ આરોગ્ય દિન અભિયાનનો શુભારંભ થશે. આ પ્રસંગે નેશનલ રૂરલ હેલ્થ મિશનના ડાયરેકટર શ્રીમતી અંજુ શર્મા પણ ઉપસ્થિત રહેશે.

## આજે આનંદના ગરબાનું આયોજન

સાંઈ મિત્ર મંડળ દ્વારા આજે તા. ૬ એપ્રિલ-૨૦૧૨ને શુક્રવારના રોજ, હનુમાન જયંતિના પવિત્ર દિને, રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે, પ્લોટ નં. ૧૨૧/૧, સેક્ટર-૬-બી ખાતે શ્રીમતી ભાવનાબેન પટેલ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે માઈ ભક્તોને આનંદના ગરબાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

## વૈજનાથ મહાદેવ મંદિરે આજે આનંદના ગરબા

ગાંધીનગર, તા.૫

વૈજનાથ મહાદેવ મંદિર, સેકટર-૨૧ ખાતે આવતીકાલે તા. ૬ એપ્રિલના રોજ સાંજે ૩ થી ૫ દરમિયાન ભાવનાબેન ગોકલાણીના આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ભાવિકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વણકર સમાજના યુવાનો માટે વર્ગોનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટના પ્રમુખ પધુકર પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમાજના યુવાનો માટે આઈ.બી.પી.એસ. અને એસ.બી.આઈ.ના કલેરીકલ પરીક્ષાના વર્ગોનો ૧લી એપ્રિલ પ્રારંભ થયો છે.

સવારે ૯ થી ૧૨ દરમિયાન વણકર સમાજના યુવાનો પ્રવેશ મેળવીને બેંક ક્લાર્કની પરીક્ષાની તૈયારીઓ માટે જોડાઈ શકે છે. રસ ધરાવતા ઉમેદવારો મયુરભાઈ લેઉવા, પ્લોટ નં. ૫૩૧/૧, સોહમ પાર્ક, સેક્ટર-૨૨નો સંપર્ક કરી શકે છે.

## જુ.સિ.કા.ની પ્રેરણાથી ચક્ષુદાન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના પ્લોટ નં. ૮૫૨/૧, સેકટર-૫-સીના નિવાસી જેશીંગભાઈ બાવજીભાઈ વાઘેલાનો ૭૧ વર્ષની વયે સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થના કુટુંબીજનોની સંમતિથી તથા પરેશભાઈ જોષીની પ્રેરણાથી ચક્ષુદાન લેવામાં આવ્યું છે. ડૉ. શીલ્પાબેન ભટ્ટની તબીબી સેવા અને સંસ્થાના કાર્યકર રાકેશ પલાસભાઈએ જરૂરી સેવા પૂરી પાડી હતી. ચક્ષુદાન ચક્ષુબેંકમાં પહોંચાડવા માટે એમ.બી. મકવાણાએ સેવા આપી હતી.

## પ્રધાનમંત્રીના સલાહકાર સામ પિત્રોડા સાથે શુભેચ્છા મુલાકાત યોજી

ગાંધીનગર, તા. ૫

ભારતના પ્રધાનમંત્રીના આઈ.ટી. સાયન્સ એન્ડ ટેકનોલોજીના સલાહકાર સામ પિત્રોડા તાજેતરમાં ગુજરાતમાં મહુવા અને ઈ.ટી.આઈ. ભાટ, ગાંધીનગરના પ્રવાસે પધાર્યા હતા. સૌરાષ્ટ્ર લુહાર સુથાર સમાજના અગ્રણીઓએ સામ પિત્રોડાની ઊભઈ સ્થળોએ મુલાકાત લઈ પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ભેટ આપી અભિવાદન કર્યું હતું.

યુવા એન્જિનિયર્સ સાથે સામ પિત્રોડાએ વાર્તાલાપ દરમિયાન ૨૧મી સદીના ભારતના તમામ પડકારો ઝીલી સાયન્સ, ટેકનોલોજી અને આઈ.ટી. ક્ષેત્રનો ભરપૂર ઉપયોગ કરી પ્રામાણિકપણે પ્રગતિ કરવા જણાવ્યું હતું અને પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. સૌરાષ્ટ્ર લુહાર-સુથાર સમાજના અગ્રણીઓ સર્વશ્રી રજનીકાંતભાઈ સુથાર, ઠાકરશીભાઈ લુહાર, એસ.ડી. સોલંકી, શાંતિભાઈ, બળવંતભાઈ, હાર્દિકભાઈ, જગદીશભાઈ, યશસ્વી સુથાર જનકભાઈ સંઘાડિયા, પ્રવીણભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા કિનારાનાં તીર્થ સ્થળોને વિકસાવવા પ્રવાસન નિગમ નિષ્ક્રિય

ગાંધીનગર, તા. ૫

યાત્રાધામ તીર્થ વિકાસ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૦૨ પ્રવાસન વર્ષ નિમિત્તે નર્મદા યાત્રાધામો પર વિકાસના કામો જેવા કે લીંક પથ્થર, પેવીંગ, કલાત્મક ફાસ્ટ બેન્ચીસ,લેન્ડ સ્કેપીંગ, બ્યુટીફીકેશન, સફાઈ, પાણી, ઈત્યાદી કામો કરવા ગરૂડેશ્વરથી ભાડભૂત સુધી નર્મદા કિનારાને સરકારે ૫૦ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. નર્મદા રીવરફ્રન્ટ બનાવવાની સાથે સાથે સરકારે નર્મદા જિલ્લાનાં ૨૫ તીર્થ સ્થળોને 'બી' કેટેગરીમાં સમાવેશ કર્યો છે, જે તે તીર્થ સ્થળોના વિકાસ કરવા યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી ૫૦ લાખની સહાય કરવાની જાહેરાત પણ કરવામાં આવી છે, પરંતુ જે તે ટ્રસ્ટો નર્મદા તીર્થ વિકાસ બાબતે સરકારી સહાય લેવાની તૈયાર ન બતાવતા નર્મદા તીર્થ સ્થળોનો વિકાસ થઈ શકતો નથી, ખરેખર તો સરકારે નર્મદા તીર્થને ગંગા કિનારાના હરિદ્વારની જેમ બનાવવું હોય તો સરકારે નર્મદા કિનારાના મહત્વના તીર્થ સ્થળોને યાત્રાધામ વિકાસ બોર્ડે આપેલા અભિપ્રાય મુજબ તબક્કાવાર નર્મદા ઓથોરિટીમાં સમાવી જરૂરી વિકાસના કાર્યોની યાદી તૈયાર કરીને નર્મદા કિનારાના વિકાસના કામો નર્મદા નદીના કિનારા પર હાથ ધરવાના થતાં હોઈ સરકાર કક્ષાએથી યોગ્ય નિર્ણય ન લેવાતાં અને આ બાબતે પ્રવાસન વિભાગે જરૂરી રસ ન દાખવતાં ગુજરાતના નર્મદા કિનારાને હરિદ્વાર બનાવવાનું સ્વપ્ર રોયળાઈ ગયું છે. છેલ્લા ૧૦ વર્ષથી સરકાર તરફથી નર્મદા કિનારાની વિકાસની ફાઈલ ગુજરાત સરકારે જાહેર કરી છે. પ્રવાસન વર્ષ ૨૦૦૨ થી સરકારમાં ફક્ત પત્ર વ્યવહારમાં જ વ્યતિત કરાતાં નર્મદા કિનારા પર મા નર્મદાના ગુણગાન, મા નર્મદાની સ્તુતિ અને મા નર્મદાની સવાર-સાંજ આરતી પૂજન મા નર્મદાનો ઋણ ચુકવવાનો નર્મદા બંધ તૈયાર થઈ જતાં સરકારના પ્રવાસન વિભાગ તૈયારી બતાવે તો જ મા નર્મદાના કિનારાનો તીર્થ વિકાસ થઈ શકે તેમ છે. તેવી લોક લાગણી છે. આ બાબતે સરકાર કક્ષાએથી યોગ્ય નિર્ણય લેવાય તેવી નર્મદાના ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

# ..જયારે લોહીના સંબંધ પાણી બની રહ્યા છે, તેવા સમયે આ આત્મીય સંબંધોને ઉજાગર કરતા ભાઈબંધોને સો સો સલામ...

**મહેન્દ્રભાઈ અને હરેશભાઈ ઉંમરમાં બીજા મિત્રો કરતા ૨૦ વર્ષ મોટા, પરંતુ બંનેની જિંદગીને માણવાની જિંદાદીલીએ આજે પણ તેમને 'જુવાન ડોસા' બનાવી રાખ્યા છે...**

પરિચય છે મંદિરમાં દેવોને મારો,
એ મસ્જિદોમાં ખુદા ઓળખે છે,
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઈથી
કે આ મિત્રોના પ્રતાપે બધા ઓળખે છે...

આજે ભાઈ જેવો ભાઈબંધ નહીં પરન્તુ ભાઈઓ કરતા વિશેષ ભાઈબંધોની વાત કરવી છે... સુરેશભાઈ પારઘી, ઉદયભાઈ બ્રહ્મભટ્ટ, નટુભાઈ ચૌધરી, હરેશભાઈ ભટ્ટ, મહેન્દ્રભાઈ ભાવસાર અને કિરીટભાઈ અગ્રાવત...

નાટકનું રંગમંચ આ મિત્રોની મિત્રતા માટેનું પ્લેટફૉર્મ બની રહ્યું, આ દરેક મિત્રો સરકારી નોકરીમાં જોડાયા પછી નાટકના પ્લેટફૉર્મ પર જોડાયા પછી જીવનના પ્લેટફૉર્મ પરથી મિત્રતાની ગાડી દોડવા લાગ્યા...

સુરેશભાઈ અને ઉદયભાઈ કૉલેજ સમયથી જ નાટ્ય પ્રવૃત્તિને કારણે ૧૯૭૮થી સાથે ને સાથે... અને કૉલેજ પછી સરકારી નોકરીમાં જોડાયા 'ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ ડ્રામા કૉમ્પિટીશન' દ્વારા થતાં 'શૉર્ટ લેન્થ પ્લે' દ્વારા બધા મિત્રો મિત્રતાનું વટવૃક્ષ ઉછેરતા ગયા...

અત્યાર સુધીમાં ટીમે લગભગ સાતેક વાર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો... ૧૯૯૦માં 'થોડું સુખ ઉછીનું આપો' નાટકને પ્રથમ ઈનામ મળ્યું.

તો વળી ૨૦૦૬માં 'કથા એક કારાગાર'ની નાટક માટે સુરેશભાઈને શ્રેષ્ઠ દિગ્દર્શક અને ઉદયભાઈને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ સાથે મળ્યો...

**સંબંધ સજાવે જિંદગી**
**ભાઈ જેવો ભાઈબંધ**
**- જય ઓઝા**
gsrelation@yahoo.com

મહેન્દ્રભાઈ અને હરેશભાઈ ઉંમરમાં બીજા મિત્રો કરતા ૨૦ વર્ષ મોટા પરંતુ બંનેની જિંદગીને માણવાની જિંદાદીલીએ આજે પણ તેમને 'જુવાન



ડોસા' બનાવી રાખ્યા છે...

મિત્રોમાં 'સૂર્યોદય' તરીકે ઓળખાતા સુરેશભાઈ એ ઉદયભાઈ તો એકમેકનો પર્યાય જ બની રહ્યા...

અને એકવાર નાટકની પ્રવૃત્તિએ આ મિત્રોને ભેગા કર્યા પછી તો જીવનનાં રંગમંચ પર આ મિત્રો પરિવાર સહિત દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. એક-એકના પરિવારનાં સારા-માટા પ્રસંગોએ માત્ર ઔપચારિક હાજરી નહીં પરંતુ પ્રસંગની સંપૂર્ણ જવાબદારીનું વહન કરીને સાંગોપાંગ પાર ઉતારવા સાથે ખડે પગે રહે...

'હરેશભાઈ ભટ્ટ ભોલી સૂરત દિલ કે ખોટે...' ગીત પર અદ્ભૂત ભગવાન જેવો ડાન્સ કરે, ત્યારથી તેમનું હુલામણું નામ 'દાદા' પડી ગયું...

દરેક મિત્રોના ઘરની ડિઝાઈન કરનારા આર્કિટેક ભટ્ટદાદા મિત્રોના જીવનમાં પણ માર્ગદર્શન રૂપી આકૃતિની રેખાઓ આંકીને 'ગુરુ' નું સ્થાન શોભાવી રહ્યાં છે...

દરેક મિત્રોના એક-મેક સાથેના આટલા વર્ષોના એટલા બધા અનુભવો છે કે સ્વતંત્ર પુસ્તક તૈયાર થઈ જાય...

૨૦૦૨ માં સુરેશભાઈ નટુભાઈના ઘરેથી રાત્રે ૧૧ વાગે પરત ફરતાં હતા ત્યારે ઘ-૨ પાસે એક્સિડન્ટ થયો અને તેઓ બેભાન થઈ ગયા... પરંતુ અનકૉન્શિયસ માઈન્ડમાં પણ મિત્ર ગૂંજતો હોય છે તેમ નટુભાઈનું નામ અને ફોન નંબર આપ્યા... આજે પણ તેમને ખબર નથી કે અકસ્માત કેવી રીતે થયો હતો... પરંતુ નામ અને નંબર તેમના અચેતન મનમાં હતો...

- 'સૂરજને પડછાયો હોય' નાટકનું રિહર્સલ કરવાનું હતું... આમ તો ૨૧ની લાઈબ્રેરીમાં પ્રેક્ટિસ કરતા પરંતુ વિદ્યાર્થીઓને વાંચનની અગવડ ન પડે તે હેતુથી ત્યાં રિહર્સલ કરવાનું મુલતવી રાખ્યું, પરન્તુ ૧૫-૨૦ જણાની નાટક કંપની લઈને પ્રેકટિસ કરવા કયાં જવું! તે 'યક્ષ પ્રશ્ન' ઉપસ્થિત થયો... ત્યારે કિરીટભાઈ અગ્રાવતે કોઈ પણ ખચકાટ વગર તરત જ હજી વાસ્તુ પણ નહોતું થયું તે બંગલાની ચાવી સુરેશભાઈને આપીને કહ્યું કે રિહર્સલ માટે આપણું ઘર તૈયાર જ છે...

ઉપરાંત આ જ નાટકમાં એક પાત્ર માટે તંબૂરો જરૂરી હતો... પ્રેકટિસ દરમિયાન તો રાવણહથ્થા જેવા વાદ્યથી કામ ચલાવ્યું પરંતુ... નાટકના મંચન પહેલાં મહેન્દ્રભાઈ ભાવસાર અને કિરીટભાઈ અગ્રાવતના ધ્યાનમાં આવ્યું કે તંબૂરા વગર નહીં ચાલે... તો બંને મિત્રો એકાએક કોઈને કીધા વગર ગાડીમાં સીધા ઈન્કમટેક્ષ ઉપડી ગયા અને ત્યાં વણઝારાની વસાહત આવી હતી તેમાના એક તંબુરાવાળા માણસને ગાડીમાં બેસાડીને ડબગરવાડમાં જઈને સારી ક્વૉલીટીનો તંબૂરો નાટકની શરૂઆત પહેલા ટાઉનહૉલમાં હાજર કરી દીધો...

૮૦-૮૫ નાં સમયમાં જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે આજ જેટલા સાધનોની સુલભતા નહોતી ત્યારે... આ મિત્રો દર વર્ષે આઈ.એન.ટી. ના નાટકો જોવા માટે અમદાવાદ જાય અને રાત્રે છેલ્લી ૧ વાગ્યાની બસમાં ગાંધીનગરમાં પાછા આવે પરન્તુ નાટક ન છોડે...

સમાન રસ-રૂચિ અને વિચારધારા વાળા આ દરેક મિત્રોને એકસૂત્રતામાં જોડી રાખવાવાળું તત્ત્વ નાટક છે... પરંતુ આ રંગમંચે એમને એટલા બધા નજીક લાવી દીધા છે, કે આજે તેઓ એકમેકનાં સરનાના બની ગયા છે... ભટ્ટદાદા અને મહેન્દ્રભાઈ તો નિવૃત્ત થયા પછી પણ સ્વખર્ચે મિત્રોના સાંનિધ્ય માટે ઑલ ઈન્ડિયા ડ્રામા કૉમ્પિટશન નાગપુર, પટના કે કેરલ જયાં હોય ત્યાં હજી જાય છે.

મિત્રો વચ્ચે મતભેદ કયારેક થયા હશે પરન્તુ મનભેદ કયારેય થયો નથી... એકબીજાની આર્થિક, માનસિક કે શારીરિક તકલીફમાં સદૈવ સાથે રહે છે... અને આ બધુ સ્વાભાવિક પણે તેમનામાં આવી જાય છે... એકબીજાની ગાળો પણ પ્યારી લાગે છે... કૌટુંબિક માહોલ ધરાવતાં આ મિત્રો મિત્રતા અને જીવનને ખરેખર જીવી રહ્યાં છે...

મિત્ર મંડળીમાંથી એકાદ પણ ગેરહાજર હોય તો કપાળમાં કરચલી અને અંતરમાં આંટી પડી જાય તેવા સહૃદયી મિત્રો આ કળિયુગમાં કે જયારે લોહીનાં સંબંધ પાણી બની રહ્યા છે, તેવા સમયે આ આત્મીય સંબંધોને ઉજાગર કરતા ભાઈબંધોને સો સો સલામ...